*પ્રસ્તાવના*

# કિતને આદમી થે?

ડલૉરસ પરેરા પાઉડરનો છેલ્લો ટચ આપતી હતી ત્યાં જ ડોરબૅલ રણકી. અરીસામાં એક છેલ્લી નજર નાખી લીધી : વાળમાં ક્યાંક ચમકી જતી સફેદી, ચહેરો ભીનેવાન પણ નાક-નકશી સુરેખ. ઑરેન્જ લિપસ્ટિકથી ઉભારેલા સહેજ પાતળા હોઠ. ની-લૅંગ્થ ડ્રેસ અને સામાન્ય હીલ્સવાળાં બંધ શૂઝની સાથે પહેરેલી મોતીની સેર એને ડિગ્નિફાઇડ લૂક આપી રહી હતી : જાણે બૅંગ્લોરના કોઈ ચર્ચમાં જવા તૈયાર થયેલી ઍંગ્લો-ઇંડિયન લેડી. હકીકતમાં તે એક પ્રોફેશનલ નજૂમી હતી અને પોતાના ક્લાયન્ટનીઅપૉઇન્ટમેન્ટ માટે તૈયાર થઈ હતી.

ડલૉરસ ભલે નાજુક દેખાતી હોય પણ કોઈનાથી ગાંજી જાય એવી ન હતી. ગૉસિપની શોખીન, બિચિંગમાં ઍક્સ્પર્ટ. પુરુષોના બટક્સ જોવા એને ગમે. પરંતુ એની ખૂબી હતી ટૅરો કાર્ડ દ્વારા ભવિષ્યકથન કરવાની આવડત. ટૅરો કાર્ડના માધ્યમથી કરેલી અનેક સચોટ આગાહીઓએ એને એટલી પ્રસિદ્ધિ અપાવી હતી કે હવે એને કોઈ જાતની જાહેરાતની જરૂર ન હતી. તેની સચોટ આગાહીઓની વાતો જ બૅંગ્લોરના કેટલાય લોકોને ડલૉરસની પાસે ખેંચી લાવતી.

1974ની એ ખુશનુમા સાંજે બારણું ખૂલતાં ત્રણ જણ અંદર પ્રવેશ્યા. પહેલો, વિચિત્ર દેખાતી ફ્લૉપી હૅટ પહેરેલો એક નીચો સરખો પુરુષ – એક ફિલ્મ ડિરૅક્ટર હતો. બીજો, એક પડછંદ, દાઢીવાળો અને દિવસોથી નહાયો ન હોય એવો પુરુષ – એક ઍક્ટર હતો અને ત્રીજી હતી એક આકર્ષક ગોરી સરખી મહિલા, જે પેલા ઍક્ટરની પત્ની હતી. આ લોકો બૅંગ્લોરની આસપાસમાં ક્યાંક એક ફિલ્મ બનાવી રહ્યાં હતાં. તેઓએ ડલૉરસનાં બહુ

વખાણ સાંભળ્યાં હતાં. આજે શૂટિંગ જલ્દી આટોપાયું હતું એટલે તેઓએ ડલૉરસને મળવા આવવાનું નક્કી કર્યું હતું. બની રહેલી આ ફિલ્મ તે ઍક્ટરની પહેલી ફિલ્મ હતી. આ ફિલ્મમાં તે મોટા સ્ટાર્સ સામે વિલનની ભૂમિકા ભજવી રહ્યો હતો. આ ફિલ્મની સફળતા ઉપર એનો બહુ મોટો મદાર હતો. એમણે ડલૉરસને પત્તાં ઉપરથી આગાહી કરવા વિનંતી કરી.


ડલૉરસે પત્તાં પાથર્યાં અને બોલવાનું શરૂ કર્યું. ઍક્ટરની પત્ની ધ્યાનથી સાંભળવા લાગી. ડિરૅક્ટર અને ઍક્ટર પણ સાંભળતા હતા ખરા પણ એ બેના મનમાં ભરોસો ઓછો અને રમૂજનો ભાવ વધારે હતો. શ્રદ્ધા ઓછી અને જિજ્ઞાસા વધારે. 'આ માણસ,' ડલૉરસે ઍક્ટર તરફ ઇશારો કરતાં કહ્યું, 'ટૉપ ઉપર હશે'. પછી જરા નાટકીય રીતે અટકીને ફેંસલો સુણાવ્યો, 'અને ફિલ્મ વર્ષો સુધી ચાલતી રહેશે'. ઍક્ટર અને ડિરૅક્ટરને મન તો ઘણુંયે થયું કે આગાહીમાં વિશ્વાસ કરે પણ એમના મનમાં હજી શંકા હતી.

'શોલે' ચાલી. અને ચાલી એટલે કેવી? એક થિયેટરમાં તો સતત પાંચ વરસ સુધી. એ ફિલ્મે ભારતીય સિનેમાની દિશા બદલી નાખી. અને અમજદ ખાન? અમજદ ખાન એક લીજન્ડ બની ગયો. હિંદી સિનેમાનો સૌ પ્રથમ ઍડ્વર્ટાઇઝિંગ આઇકન 'ગબ્બરસિંઘ', એક કર્કશ અવાજવાળો, ગંદોગોબરો દેખાતો વિલન, જેના નામથી રેકૉર્ડ્સ વેચાઈ અને બિસ્કિટ્સ પણ વેચાયાં.

ડલૉરસે ખુદ કલ્પના નહીં કરી હોય કે શોલેને આટલી ભવ્ય સફળતા મળશે! આ ફિલ્મે લોકોની જિંદગીઓ બદલી નાખી, કારકિર્દીઓ બદલી નાખી. અરે, આજે રીલીઝનાં 45 વર્ષ પછી પણ આ ફિલ્મ બૉક્સ-ઑફિસ માટેનું ગોલ્ડ સ્ટાન્ડર્ડ ગણાય છે – શોલે ભારતીય સિનેમા ઉદ્યોગ અને પ્રેક્ષકો બંને માટે એક સીમાચિહ્ન છે, જેની સાથે કોઈ પણ હિટ ફિલ્મની સરખામણી આપોઆપ થઈ જાય છે.

આજે આટલાં વર્ષ પછી શોલે અતિસફળ ફિલ્મ કરતાં કંઈક વિશેષ બની ચુકી છે. આ છે એક અલ્ટિમેટ ક્લાસિક! એક કલ્ટ ફિલ્મ છે. નિર્દેશક ધર્મેશ દર્શન કહે છે એમ, 'શોલે આપણા ભારતની ધરોહરનો એક હિસ્સો બની ચૂકી છે'. આ ફિલ્મનાં પાત્રો – વીરુ, જય, ગબ્બર, ઠાકુર, બસંતી, રાધા આપણાં જીવનમાં એવી રીતે વણાઈ ગયાં છે જેમ કે રામ અને

સીતા! બીજાં સહાયક પાત્રો – સૂરમા ભોપાલી, જેલર, કાલિયા અને સાંભા જાણે લોકકથાનાં અમર પાત્રો છે. અરે, બસંતીની ઘોડી ધન્નો પણ અમર થઈ ગઈ છે!




રજૂઆતનાં આટલાં વર્ષો બાદ પણ ફિલ્મ જોવી ગમે છે, એટલું જ નહીં, આજે પણ એને જોઈને એટલો જ રોમાંચ થાય છે જેટલો પહેલી વાર જોતી વખતે થયેલો! 1999માં BBC-India અને બીજાં ઑનલાઇન મીડિયા દ્વારા કરાયેલા સર્વેમાં શોલેને 'ફિલ્મ ઑફ ધ મિલેનિયમ' ઘોષિત કરવામાં આવી હતી. આ એક એવી ફિલ્મ છે કે જેની અપીલને ભાષા, ભૂગોળ, વર્ગ કે વિચારોના કોઈ સીમાડા નથી નડતા. એ પ્રેક્ષક પછી મુંબઈનો કોઈ મોટો માર્કેટિંગ ગુરુ હોય કે પછી હૈદરાબાદનો કોઈ સામાન્ય રિક્ષાવાળો : આ ફિલ્મ માટે એમનું પૅશન, એમનો લગાવ એક સમાન હશે! અને એમની ભક્તિ, ભક્તિથી આગળ વધીને ઘણી વાર કટ્ટરતાનું રૂપ લઈ લે છે. જે રીતે શોલે એક ફિલ્મ કરતાં કંઈક વિશેષ છે એ જ રીતે એના ચાહકો સામાન્ય ચાહકો કરતાં કંઈક વિશેષ છે. તે એટલી હદ સુધી કે એમને ચાહક કહેવા એ એમનું અપમાન કરવા બરાબર છે. આ એવો વર્ગ છે જેમને માટે આ ફિલ્મ 50, 60 કે ઇવન 70 વખત જોઈ હોવી તદ્દન સ્વાભાવિક વાત છે. સંવાદો તો છોડો, બૅકગ્રાઉન્ડ સંગીતની એક એક નોટ અને ઈફેક્ટ શોલેના રસિકોને યાદ છે. એમને ગબ્બરસિંઘને શસ્ત્ર પહોંચાડનાર પેલા હીરાનું નામ પણ યાદ છે જે

પરદા પર મહેબૂબા ગીત વખતે 30 સેકંડથી પણ ઓછા ટાઇમ માટે દેખાયો છે, એ જ રીતે ગબ્બરના બાપનું નામ પણ ખબર છે જે ફ્લૅશબૅકવાળા કોર્ટ સીનમાં જજ દ્વારા બોલાયેલું છે : 'ગબ્બરસિંઘ વલ્દ હરિસિંઘ.'

શોલેને લગતી કહાણીઓની બૉલિવૂડમાં કમી નથી, જેમ કે જયપુરની પેલી ગૃહિણી : એને વીરુ એટલો ગમી ગયો કે એણે પોતાના પતિનું નામ બદલાવીને વીરુ કરાવી દીધું. અથવા તો દિલ્હીના પ્લાઝા સિનેમાવાળા પેલા પ્રકાશભાઈ; પાંચ મહિના સુધી શોલેની ટિકિટો ₹150ના ભાવે વેચી અને કાળાબજારની આ કમાણીમાંથી સિલમપુરમાં નાનું સરખું મકાન બનાવી દીધું અને પછી એને શોલેનાં પોસ્ટર્સથી શણગાર્યું, અથવા તો, ન્યૂ યૉર્ક ઍરપોર્ટનો પેલો ખડ્ડુસ ઇમિગ્રેશન ઑફિસર : કોણ જાણે ક્યાંથી એણે શોલે જોઈ હશે તે સાંભા (મૅકમોહન)ને ઓળખી ગયો. 'O! The man on the rock with a gun!' પટણામાં કેટલીયે ઑટોરિક્ષાનાં નામ 'ધન્નો' છે, જ્યારે દેશના ઘણા ફાઇવ-સ્ટાર બારમાં ગબ્બર નામનાં સ્ટ્રૉંગ-ડ્રિંક્સ મેનુ પર છે!

શોલેના ડાયલૉગ્ઝ રોજબરોજની ભાષામાં રૂઢિપ્રયોગોની જેમ વણાઈ ગયા છે. 'બહુત યારાના હૈ' અથવા 'જો ડર ગયા, સમઝો મર ગયા' કે પછી 'કિતને આદમી થે' આપણા લોકોની જીભે ચઢી ગયા છે.

કહેવાની જરૂર નથી કે 'શોલે'નો ઉપયોગ બિસ્કિટથી માંડીને ગ્રાઇપવૉટર વેચવા માટે થઈ ચૂક્યો છે! અને કૉપીરાઇટર્સ હજી પણ તેનો કસ કાઢી રહ્યા છે. 2000ની આસપાસ આઇવા કંપનીએ પોતાની ઇલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ ઉપર આપણી ક્રિકેટ ટીમના રન રેટ મુજબ ડિસ્કાઉન્ટની સ્કીમ મૂકી હતી. એની જાહેરાતની ટૅગ લાઇન શું હતી? 'ભાગ સૌરવ, મેરે પૈસે કા સવાલ હૈ', જાણે બસંતી ધન્નોને ભાગવા માટે ના કહેતી હોય! V-TVએ ફિલર તરીકે 'યે દોસ્તી' ગીત ઉપરથી એક સ્પૂફ બનાવેલું. પૉપ સ્ટાર બાલી બ્રહ્મભટ્ટે એક રીમિક્સ આલ્બમ બનાવેલું જેનું નામ હતું Sholay 2000. જેનું સબટાઇટલ હતું 'ધ હથોડા મિક્સ' જે ઠાકુરની ઉક્તિ 'લોહા ગરમ હૈ, માર દો હથોડા'ની યાદ અપાવે છે.

શોલેના આ જાદુનો ઇન્ડિયન પૉપ કલ્ચરમાં કોઈ જોટો નથી. વિવેચકો ભલે કહેતા હોય કે 'મધર ઇન્ડિયા' કે 'મુગલ-એ-આઝમ' ચઢિયાતી ફિલ્મ્સ

હતી, ટ્રેડપંડિતો ભલે કહે કે 1994માં આવેલી 'હમ આપકે હૈ કૌન' ફિલ્મે શોલેનો રૅકૉર્ડ તોડ્યો. પણ આમાંની કોઈ પણ ફિલ્મની સફળતા ન તો આટલી વિરાટ હતી કે ન તો આટલા લાંબા સમય સુધી ટકી શકી હતી. શોલે એક વિશિષ્ટ ઘટના હતી. નિર્દેશક શેખર કપૂરે સરસ રીતે કહ્યું છે – હિંદુસ્તાનમાં એવી કોઈ ફિલ્મ બની નથી જેણે ફિલ્મોનું ભાવિ ઘડવામાં શોલેથી વધુ મોટો ફાળો આપ્યો હોય. ભારતના ફિલ્મ ઉદ્યોગને બે વિભાગમાં વહેંચી શકાયઃ 'શોલે પહેલાં' અને 'શોલે પછી.'

શેખર કપૂરના આ ઉચ્ચારો એક લાગણીશીલ પ્રશંસકની ભાવનાઓ કરતાં કંઈક વિશેષ છે. શોલે સાચે જ ફિલ્મ ઉદ્યોગ માટે પાઠ્યપુસ્તક બની ગયું છે. વિશેષ માવજત અને અને બિગ-બજેટની ઝાકઝમાળનો સમન્વય એક બી-ગ્રેડની હોય એવી સ્ટોરીલાઇનને કેવી ઊંચાઈઓ સર કરાવી શકે તેનું પરફેક્ટ ઉદાહરણ એટલે શોલે. એણે ફિલ્મ ઉદ્યોગને બતાવી દીધું કે ચીલાચાલુ ફૉર્મ્યુલાવાળી કથાને પણ ક્લાસિક બનાવી શકાય છે! આ ફિલ્મે ભારતીય ફિલ્મ ઉદ્યોગને એ પણ બતાવી આપ્યું કે વિઝ્યુઅલ્સ અને ઑડિયો બંને પાસાંમાં આ લેવલનું પણ કામ થઈ શકે છે. ઍડ્વર્ટાઇઝિંગના દિગ્ગજ અને પટકથાલેખક પીયૂષ પાંડે કહે છે કે 'શોલે બેશક આ દેશમાં બનેલી સર્વશ્રેષ્ઠ ફિલ્મ છે.' શોલેએ ઍક્શનને કલાનો દરજ્જો આપી દીધો! હાથોહાથની ચીલાચાલુ ઢિશૂમ ઢિશૂમને બદલે મારધાડને એક નવા જ સ્ટાઇલિશ સ્વરૂપમાં રજૂ કરી. આ પછી 19 વર્ષો સુધી હિંસાત્મક ફિલ્મોનો જે દૌર ચાલ્યો તે 1994માં 'હમ આપકે હૈ કૌન' જેવી ફીલ-ગૂડ ફિલ્મ આવી ત્યાં સુધી. શોલેએ ટેકનિકલ શ્રેષ્ઠતાનાં પણ ધોરણ સ્થાપ્યાં. 70ના દાયકાની ફિલ્મ્સ સામાન્ય રીતે ઢંગધડા વગરની અને જરીપુરાણી લાગતી હોય છે પણ શોલે તો ખરેખર ટૅક્નિક અને કળાનું બેનમૂન નજરાણું છે. આજે પણ ડિરૅક્ટર્સ પોતાની ફિલ્મોની ફ્રેમમાં શોલેનો ઉલ્લેખ કરી લેતા હોય છે.